BUSINESS મિત્ર Plus

હોર્મુઝ પીસ ડિલનો આશાવાદ અને AI હાઈપર સ્કેલર બુમના સથવારે નિફ્ટી-રૂપીમાં રિબાઉન્ડ

અમેરિકા-ઇરાન વચ્ચે પીસ ડિલ થવાનો આશાવાદ વધતા અને વિકસીત શેરબજારો તેમજ એશિયાના હાઇટેક શેરબજારો જેવા કે તાઇવાન, કોરિયા, નિકાઇમાં આગઝરતી તેજી થતા ભારતીય આઇટી, ઓટો અને બેન્કિંગ શેરોમાં બારગેન બાઇંગ જોવાયું હતું. મેમોરિયલ ડેના કારણે લોંગ વીકએન્ડ હોવાથી આજે અમેરિકન બજારો બંધ છે. ત્રણ દિવસની વીકએન્ડ વિન્ડોમાં અમેરિકા-ઇરાન વચ્ચે પીસ ડીલ થાય અને હોર્મુઝ બ્લોકેડ ખૂલી તેલ-ગેસ-ખાતરોનું પરિવહન સ્મુથ થાય એ માટે બેકડોર ડિપ્લોમસી પુરજોશમાં ચાલુ છે. અમેરિકી પ્રમુખ ટ્રમ્પે પોતાના સોશિયલ મિડીયા હેન્ડલ ટ્રુથ સોશિયલ પરથી સંકેતો છે કે ટુંક સમયમાં ઇરાન અમેરિકા વચ્ચે લાર્જલી નેગોશિયેટેડ ડીલ થશે. 12 માર્ચથી હોર્મુઝ બંધ છે, અખાતના તેલ પર આધારીત ઘણા ખરા અર્થતંત્રો હાલ ઇંધણની અછત અનુભવે છે. ઓસ્ટ્રેલિયા, જાપાન, કોરિયા, ભારત સહીત અનેક દેશોમાં ફ્યુલમાં સત્તાવાર કે બીનસત્તાવાર ફ્યુલ રેશનીંગ ચાલી રહ્યું છે. વહેલી તકે હોર્મુઝ ખૂલે તો ક્રુડ, ગેસ, કેમિકલ્સનો પૂરવઠો સુધરે અન્યથા મોટી ઔદ્યોગિક મંદીનો ખતરો વધશે. હાલમાં અમેરિકા પુશ જલ્દી શાંતિ ડિલ કરો કાં હુમલા માટે તૈયાર રહો એવી ચોકલેટ કે ચાબુકની નીતિ અપનાવી રહ્યું છે. ઇરાન સમય સમયે એની મારક ક્ષમતાનો પરિચય આપે છે. અમેરિકા પીસ ડિલ માટે બેતાબ છે, આબરુ સોતા નીકળી જવુ હોવુ એવુ ચોક્ખું દેખાય આવે છે. ૨૦૦૦૦ સ્ટ્રાઇક પછી પણ હોર્મુઝ ખોલાવી શકાયું નથી. કદાચ એટલે જ એટેકની ધમકી સાથોસાથ અમેરિકા ડિપ્લોમસી વિન્ડો લંબાવે જાય છે. અમેરિકાની પ્રાયોરીટી હવે ઘરઆંગણે મોંઘવારી નાથવી, આર્થિક હીતોને (એટલે કે વોલસ્ટ્રિટના હીતો) પ્રાધાન્ય આપવાની છે. અમેરિકામાં સીઆઇએ ડાયરેકટર તુલસી ગબાર્ડે અંગત કારણોસર રાજીનામું આપ્યું છે. રિપબ્લીકન પક્ષ માટે આગામી નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણી અગાઉ ટ્રમ્પનું સતત ઘટતું રેટિંગ ચિંતાનો વિષય છે. પક્ષ માટે ટ્રમ્પ એસેટ છે કે લાયેબીલીટી છે એ મામલો છાનાખૂણે હોટ ડિબેટ બની શકે એવો છે.

વહેલી તકે હોર્મુઝ ખૂલે તો ક્રુડ, ગેસ, કેમિકલ્સનો પૂરવઠો સુધરે અન્યથા મોટી ઔદ્યોગિક મંદીનો ખતરો વધશે



શેરબજારમાં મેમરી- ચિપ્સ શેરો, એઆઇ હાઇપરસ્કેલપર ડેબ્ટ બુમ તેજીનું નવુ સ્ટિરોઇડ આવી ગયું છે. સરકારી દેવું, ખાનગી દેવું, કેપેક્સ રેસ ચાલુ છે. બેસુમાર લીકવીડીટી છે. જીડીપી વિકાસદર સારો છે પણ બોન્ડ યિલ્ડ અન ડેબ્ટ બુમ જોતા નવા ચેરમેને ટ્રમ્પની નારાજગી વહોરીને પણ રેટ વધારવા પડશે, કા તો ટ્રમ્પને રાજી રાખવા પડે, કાં તો વૈશ્વિક બોન્ડ ઇન્વેસ્ટરોને રાજી રાખવા પડે.

ઘરઆંગણે શેરબજારોની વાત કરીએ તો પસંદગીના સેકટર્સમાં ઘટયા ભાવથી શાનદાર રિકવરી જોવાઇ હતી. એઇઆઇઆઇ મે માસમાં પણ નિરંતર સેલર હતું પણ સ્થાનિક સંસ્થાઓ , એચએનઆઇ, મ્યુ ફંડઝ, ફેમીલી ઓફિસ વગેરે બાયર રહ્યા છે. અમેરિકા-ઇરાન પીસ ડીલ થાય અને ઇંધણ-ખાતરની અછત હળવી થાય, ચોમાસાનો ધમાકેદાર આરંભ સેન્ટિમેન્ટને બુસ્ટ આપે. પેટ્રોલ-ડિઝલમાં પાછલા દિવસોમાં ત્રણ વધારા સાથે રિટેલ ફયુલ અંદાજે ૫-૫.૫ ટકા મોંઘું થયું છે. બલ્કયુઝર માટે ડિઝલની શોર્ટેજ ઔદ્યોગિક, ખેતી વગેરે માટે પ્રતિકૂળ બાબત છે. રૂપિયો ૯૬.૯૬થી સુધરીને ૯૫.૪૬ થયો છે. આરબીઆઇએ આક્રમક દરમાયનગીરીના રુપમાં

બિરેન વકીલ

બેન્કો સાથે ડોલર સ્વેપ કર્યા પછી રૂપિયામાં સ્પ્રિંગ જેવો ઉછાળો આવ્યો છે. કેન્ડલસ્ટિક ચાર્ટ મુજબ ડોલર-રૂપી ચાર્ટમાં એબેન્ડન બેબી ટોપ હાલ પુરતું ડોલરમાં તેજી પુરી થયાનો સંકેત છે. જો ગલ્ફ પીસ ડિલ થાય તો રૂપિયાની રિકવરી ૯૧.૫૦-૯૨૩૦ સુધી અને નિફ્ટીનો રિબાઉન્ડ ૨૪૦૦૦ સુધી લંબાઇ શકે. ફાર્મા, મીડીયા, મેટલ-ડિફેન્સ, અંડરપરફોરમર રહ્યા છે. ઓટો, આઇટી, બેન્કિંગ રિકવરીમાં છે.

કોમોડિટિઝની વાત કરીએ તો સોનાચાંદીમાં બેતરફી વધઘટે ઘસારો છે. લંડન સોનામાં ઉભરા જેવા ઉછાળા છે. રેન્જ ૪૪૪૦-૪૮૮૦ ડોલર છે. જો બજાર ૪૪૧૦ ડોલર તોડે, ૪૩૯૦ નીચે સ્થિર થાય તો ઘટાડો લંબાઇને ૪૨૮૦-૪૩૧૫ સુધી જઇ શકે. સ્થાનિક સોનામાં તાજેતરના ડ્યુટી વધારા પછી ડિસ્પેરીટી વધી છે. ઘરાકીનો વસવસો છે. ચાંદીમાં સટ્ટાકીય વધઘટને કારણે સોના કરતા ટ્રેડિંગ રેન્જ વધારે મોટી છે. ડ્યુટી વત્તા ગ્લોબલ વોલેટીલીટીને કારણે ચાંદીમાં જાન્યુઆરીથી આજ સુધીમાં ઉપરમાં ૪ લાખ, નીચામાં બે લાખ જેવી મોટી વધઘટ નોંધાઇ છે. વિશ્વ બજારમાં પણ ચાંદી નીચામાં ૬૦ અને ઉપરમાં ૧૨૦ થઇ હાલ ૭૫ ડોલર આસપાસ છે. એમસીએકસ સોનાની રેન્જ ૧.૫૩-૧.૬૫ લાખ છે.

મેટલ્સની વાત કરીએ તો એલ્યુમિનિયમ સ્ટાર પરફોર્મર રહ્યું છે. અખાતવોરમાં એલ્યુ ઉત્પાદનમાં નોંધપાત્ર વિક્ષેપ પડવાથી હાજર માલની અછત છે. એમસીએકસ એલ્યુ ૩૯૦ થઇ ૩૮૫ હતું. વધઘટે ૪૦૦ વટાવી શકે છે. રેન્જ ૩૬૨-૪૦૩ ગણી શકાય. કોપરમાં ઉંચા મથાળે તેજી અટકે છે. રેન્જ ૧૩૩૦-૧૪૧૨ ગણી શકાય. ક્રુડઓઇલમાં ટ્રેડિંગ રેન્જ નોંધપાત્ર મોટી છે. નાયમેકસ ક્રુડમાં સપોર્ટ ૭૮-૮૪ અને રેઝિસટન્સ ૧૦૩-૧૧૧-૧૧૭ તેમજ બ્રેન્ટક્રુડમાં સપોર્ટ ૮૭-૯૨ અને રેઝિસટન્સ ૧૧૨-૧૧૮-૧૨૪ ડોલર છે. લોકલ ક્રુડમાં રૂપિયાની તેમજ નાયમેકસની રેન્જ બેઉ એડજસ્ટ કરતા એમસીએકસ જૂનમાં સપોર્ટ ૮૭૦૦-૮૪૦૦-૭૯૦૦ અને રેઝિસટન્સ ૯૫૦૦-૯૯૦૦-૧૧૩૦૦-૧૧૭૦૦ ગણી શકાય. નેચરલ ગેસમાં ધીમી પણ કારમી મંદી છે. નાયમેકસ ગેસ અંદાજે ૨.૯૦ છે. વધઘટે ૨.૪૫-૨.૫૫ની શકયતા છે. એમસીએકસ ગેસની રેન્જ ૨૨૦-૩૪૮ ગણી શકાય. નાયમેકસનું ટોપ ૨૦૨૨માં ૧૦ ડોલર, લોકલ ગેસનું ટોપ ૯૯૦ જોવાયું હતું. હાલમાં હોર્મુઝ પીસ ડિલ- યુકેની ચૂંટણીઓ, ફિઝીકલ એઆઇ બીલ્ડઆઉટ બુમ અને ચોમાસું મેક્રો ટ્રિગર છે.

ભારતીયો દ્વારા વિદેશોમાં નાણાનું રોકાણ અને ખર્ચ વધી રહ્યા છે

માર્ચ ૨૦૨૬માં ભારતીયોએ વિદેશમાં રોકાણ કરવા માટે જ $૪૪૦ મિલિયન (આશરે $૪૪ કરોડ) મોકલ્યા હતા – જે એક વર્ષ અગાઉની સરખામણીએ ૪૪% નો ઉછાળો દર્શાવે છે અને જાન્યુઆરીમાં મોકલેલી રકમ કરતાં બમણાથી પણ વધુ છે, તેમ આરબીઆઇના ડેટા પરથી જાણવા મળે છે.

વિદેશમાં રોકાણ કરવું એ એવું ક્ષેત્ર બની ગયું છે જેમાં ભારતીયો સૌથી ઝડપથી પોતાના નાણાં વિદેશ મોકલી રહ્યા છે. આરબીઆઇના મે મહિનાના બુલેટિન અનુસાર, રોકાણ માટે મોકલવામાં આવતી રકમ માર્ચ ૨૦૨૫માં $૩૦૬.૩૦ મિલિયન હતી, જે માર્ચ ૨૦૨૬માં વધીને $૪૪૦.૨૨ મિલિયન થઈ ગઈ છે – એટલે કે વાર્ષિક ધોરણે તેમાં ૪૩.૭% નો મોટો ઉછાળો આવ્યો છે. જાન્યુઆરીમાં $૧૭૮.૮૬ મિલિયન, ફેબ્રુઆરીમાં $૨૬૫.૯૯ મિલિયન અને માર્ચમાં $૪૪૦.૨૨ મિલિયન સાથે – માત્ર જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ દરમિયાન જ આ રકમ બમણાથી વધુ થઈ ગઈ છે – જે આ માસિક પ્રવાહની મજબૂતી દર્શાવે છે.

રોકાણ માટે મોકલવામાં આવતી રકમ માર્ચ ૨૦૨૫માં $૩૦૬.૩૦ મિલિયન હતી, જે માર્ચ ૨૦૨૬માં વધીને $૪૪૦.૨૨ મિલિયન થઈ ગઈ છે

આ કદાચ ભારતીય નાગરિકો દ્વારા આંતરરાષ્ટ્રીય ડેબ્ટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ (ઋણ સાધનો) અને શેરબજારમાં વધી રહેલા વૈવિધ્યકરણને પ્રતિબિંબિત કરે છે. ઇન્ટરનેશનલ બ્રોકરેજ પ્લેટફોર્મ્સ વિદેશી રોકાણને સરળ બનાવી રહ્યા હોવાથી આ વલણમાં વધુ ઝડપ આવી છે. વિદેશમાં નાણાં મોકલવા પાછળ મુસાફરી એ અત્યાર સુધીની સૌથી મોટી કેટેગરી રહી છે. માર્ચ ૨૦૨૬ માટે, આરબીઆઇએ આ ડેટાસેટમાં પહેલીવાર તેના પેટા-વિભાગો પાડીને વિગતવાર માહિતી આપી છે, જે એક રસપ્રદ ચિત્ર રજૂ કરે છે. માર્ચ ૨૦૨૬માં મુસાફરી પાછળનો કુલ ખર્ચ $૧,૦૦૪.૬૦ મિલિયન હતો – જે ફેબ્રુઆરી ૨૦૨૬ ના $૧,૩૦૭.૦ મિલિયન (૨૩.૧%નો ઘટાડો) અને માર્ચ ૨૦૨૫ના $૧,૧૨૫.૫૫ મિલિયનની સરખામણીએ ઓછો છે. આ રીતે વાર્ષિક ધોરણે મુસાફરી પાછળ મોકલાતી રકમમાં આશરે ૧૦.૭% નો ઘટાડો થયો છે.

માર્ચ ૨૦૨૬ માટે મુસાફરી અંતર્ગત પેટા-શ્રેણીઓ નીચે મુજબ છે:

પર્યટન મુસાફરીઓ અને ખર્ચ: (વેકેશન ટ્રીપ્સ અને ઇન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડ પેમેન્ટ્સ): $૬૨૩.૦૫ મિલિયન – આ સૌથી મોટો પેટા-વિભાગ છે, જે દર્શાવે છે કે વિદેશ મોકલાતા નાણાંમાં મોજ-મસ્તીની મુસાફરી અને કાર્ડ સંબંધિત ખર્ચ સૌથી વધુ છે.

વિદેશમાં શિક્ષણ : $૪૫૦.૧૬ મિલિયન – આ એક બહુ મોટી રકમ છે, જે વિદેશી શૈક્ષણિક સંસ્થાઓમાં ભરાતી ફી, હોસ્ટેલ અને રહેવાના ખર્ચને દર્શાવે છે.

બિઝનેસ ટ્રાવેલ (વ્યાપારી મુસાફરી) : $૧૬.૦૫ મિલિયન

તબીબી મુસાફરી (મેડિકલ ટ્રાવેલ) : $૨.૭૯ મિલિયન

તીર્થયાત્રા (પિલગ્રીમેજ) : $૨.૫૫ મિલિયન

વિદેશમાં થાપણો (ડિપોઝિટ્સ)

વિદેશી બેંક ખાતાઓમાં જમા કરાતી રકમ જાન્યુઆરી ૨૦૨૬માં $૪૮.૬૦ મિલિયન હતી, જે માર્ચ ૨૦૨૬માં વધીને $૧૭૬.૩૫ મિલિયન થઈ ગઈ છે – માત્ર બે મહિનામાં ૨૬૩% નો જંગી ઉછાળો. જો કે માર્ચ ૨૦૨૫ ના $૧૭૩.૧૭ મિલિયનની સરખામણીએ તે વાર્ષિક ધોરણે ૧.૮% નો મામૂલી વધારો દર્શાવે છે. આ બાબત સૂચવે છે કે ભારતીયો નાણાકીય વર્ષના અંતે વિદેશી બેંક ખાતાઓમાં નાણાં પાર્ક (જમા) કરી રહ્યા છે.

સ્થાવર મિલકતની ખરીદી

વિદેશમાં પ્રોપર્ટી ખરીદવાનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે – માર્ચ ૨૦૨૫ માં આ આંકડો $૪૫.૧૦ મિલિયન હતો, જે માર્ચ ૨૦૨૬માં ઘટીને $૩૮.૬ મિલિયન (વાર્ષિક ધોરણે ૧૪.૨% નો ઘટાડો) થઈ ગયો છે. જાન્યુઆરી-ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ નો ટ્રેન્ડ પણ આ ત્રિમાસિક ગાળા દરમિયાન ક્રમશઃ ઘટાડો દર્શાવે છે.

એકંદર ચિત્ર

વિદેશમાં મોકલાયેલી કુલ રકમ માર્ચ ૨૦૨૫માં $૨,૫૪૭.૫૭ મિલિયન હતી, જે ફેબ્રુઆરી ૨૦૨૬માં થોડી ઘટીને $૨,૩૩૮.૬૦ મિલિયન થઈ અને ત્યારબાદ માર્ચ ૨૦૨૬માં ફરી વધીને $૨,૫૯૪.૮૭ મિલિયન પર પહોંચી ગઈ. આ આંકડો વાર્ષિક ધોરણે લગભગ સ્થિર છે પરંતુ ફેબ્રુઆરીથી માર્ચ ૨૦૨૬ દરમિયાન તેમાં ૧૦.૯% નો વધારો જોવા મળ્યો છે. મે મહિનાના બુલેટિન મુજબ, આરબીઆઈની લિબરલાઈઝડ રેમિટન્સ સ્કીમ (LRS) હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં કુલ $૨૯,૫૬૩ મિલિયન વિદેશ

ઇકોનોમી ઇન્સાઇડર

મોકલવામાં આવ્યા હતા. જાન્યુઆરી ($૨,૬૮૦.૪૩ મિલિયન) થી શરૂ કરીને ફેબ્રુઆરી ($૨,૩૩૮.૬૦ મિલિયન, ૧૨.૮% નો મોટો ઘટાડો) અને ત્યારબાદ માર્ચમાં ફરી તેજી ($૨,૫૯૪.૮૭ મિલિયન) નો આ માસિક ગ્રાફ દર્શાવે છે કે આ વર્ષે વિદેશમાં નાણાં મોકલવાના પ્રવાહમાં કેવા ઉતાર-ચઢાવ આવ્યા છે.

ભારતમાંથી LRS હેઠળ વિદેશ નાણાં મોકલવા પાછળ મુસાફરી અને પરિવારનો ભરણપોષણ ખર્ચ હજુ પણ મુખ્ય પરિબળો છે, પરંતુ આ ડેટાનો સૌથી મોટો ટ્રેન્ડ ઇક્વિટી/ડેટ રોકાણમાં થઈ રહેલો વધારો છે. મુસાફરી એ સૌથી મોટો સિંગલ હેડ હોવા છતાં, કુલ રકમની દ્રષ્ટિએ તેમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો છે, જ્યારે ઇક્વિટી/ડેબ્ટમાં રોકાણ એ વાર્ષિક ૪૩.૭% ના વધારા સાથે સ્પષ્ટ વિજેતા તરીકે ઉભરી આવ્યું છે.

વધુ પ્રમાણમાં ભારતીય બેંકિંગ ગ્રાહકો બહેતર ડિજિટલ સપોર્ટ ઈચ્છે છે

એક અહેવાલ અનુસાર, 55% ભારતીય બેંકિંગ ગ્રાહકો એપ, વેબ અને ચેટબોટ પર બહેતર ડિજિટલ સપોર્ટ ઈચ્છે છે. તેમાં વધુમાં જાણવા મળ્યું છે કે કેવાયસી (KYC) અપડેટ્સ અને દસ્તાવેજીકરણ (ડોક્યુમેન્ટેશન)ના કાર્યો માટે બેંક શાખાઓનું સ્થાન હજુ પણ મહત્વપૂર્ણ છે. પ્રોફેશનલ સર્વિસીસ ફર્મે તેનો 'કસ્ટમર એક્સપિરિયન્સ રીઇમેજિન્ડ: ધ ન્યૂ ફ્રન્ટિયર ફોર ઇન્ડિયન બેંકિંગ ઇન 2026' અહેવાલ બહાર પાડ્યો છે, જેમાં 2,030 બેંક ગ્રાહકોના સર્વેક્ષણના તારણોનો સમાવેશ થાય છે.

ઈવાય ઈન્ડિયાના નેશનલ ફાઇનાન્સિયલ સર્વિસીસ લીડર પ્રતિક શાહના જણાવ્યા અનુસાર, બેંકોએ સહાનુભૂતિ જાળવી રાખવા, જૂની સિસ્ટમની મર્યાદાઓ પર વિજય મેળવવા, પર્સનલાઇઝેશન (વ્યક્તિગત સેવાઓ) સ્કેલ કરવા અને કડક ડેટા પ્રાઇવસીના ધોરણોને જાળવી રાખવા માટે ઓટોમેશન અને માનવીય સંપર્ક વચ્ચે સંતુલન જાળવવું જ જોઈએ. એડવાન્સ્ડ ફાઇનાન્સિયલ સર્વિસીસ, EY ઇન્ડિયાના પાર્ટનર આરતી રંગરાજને ઉમેર્યું હતું કે આ અહેવાલ એક ગંભીર ખામી તરફ ધ્યાન દોરે છે: માત્ર 25% ગ્રાહકો જ તેમના એકંદર બેંકિંગ અનુભવને ઉત્કૃષ્ટ ગણાવે છે, જે બેંકો માટે એક મોટી તક દર્શાવે છે."

બજારમાં જ્યાં પ્રોડક્ટ્સ અને કિંમતો હવે પાયાની અપેક્ષાઓ બની ગઈ છે, ત્યાં બેંકોએ સુસંગત રહેવા માટે ગ્રાહક અનુભવની ગુણવત્તા પર સ્પર્ધા કરવી પડશે

અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, એવા બજારમાં જ્યાં પ્રોડક્ટ્સ અને કિંમતો હવે પાયાની અપેક્ષાઓ બની ગઈ છે, ત્યાં બેંકોએ સુસંગત રહેવા માટે ગ્રાહક અનુભવ(કસ્ટમર એક્સપિરિયન્સ) ની ગુણવત્તા પર સ્પર્ધા કરવી પડશે.

આ સર્વેક્ષણમાં બેંકિંગ વ્યવસાયને ચલાવતા ગ્રાહકોને સાત ફોકસ જૂથોમાં વહેંચવામાં આવ્યા છે – મહત્વાકાંક્ષી સંઘર્ષકર્તા (ઉંમર 18-24), ઉભરતા વ્યાવસાયિકો (18-35), આધેડ વયના ઉદ્યોગસાહસિકો (25-45), સમૃદ્ધ શહેરીજનો (તમામ ઉંમરના), ગ્રામીણ મુખ્ય વર્ગ (તમામ વય જૂથોમાં), સુવર્ણ પરિવર્તનશીલ (46-59) અને સશક્ત શહેરી મહિલાઓ (25-45).

અહીં તેના મુખ્ય અંશો છે:

શાખાના ઉપયોગની પસંદગી : અહેવાલ મુજબ, બેંક શાખાઓનો ગ્રાહકોનો ઉપયોગ અલગ-અલગ વર્ગોમાં ભિન્ન છે, પરંતુ KYC અને દસ્તાવેજીકરણના કાર્યો માટે શાખાઓનું સ્થાન મહત્વપૂર્ણ રહ્યું છે.

મહત્વાકાંક્ષી સંઘર્ષકર્તાઓ : માત્ર 9% જ વારંવાર શાખાઓની મુલાકાત લે છે.

ઉભરતા વ્યાવસાયિકો : શાખાઓ સાથે નોંધપાત્ર જોડાણ ધરાવે છે, જેમાં ગ્રામીણ વિસ્તારોમાં 33% અને શહેરી વિસ્તારોમાં 37% ગ્રાહકો શાખાની મુલાકાત લે છે.

આધેડ વયના ઉદ્યોગસાહસિકો : શાખાનો વધુ ઉપયોગ દર્શાવે છે, મુખ્યત્વે રોકડ વ્યવહારો (68%) અને ખાતા સંબંધિત સેવાઓ (65%) માટે.

સમૃદ્ધ શહેરીજનો : 52% ગ્રાહકો શાખાઓ પર વધુ નિર્ભર છે.

ગ્રામીણ મુખ્ય વર્ગઃ 56% ગ્રાહકો ડિપોઝિટ અથવા ઉપાડ માટે શાખાની મુલાકાત લે છે.

સુવર્ણ પરિવર્તનશીલ : શહેરી વિસ્તારોમાં રહેતા આવા 34% લોકો બેંક શાખાનો ઉપયોગ કરે છે.

સશક્ત મહિલાઓ : આશરે 45% મહિલાઓ વારંવાર શાખાનો ઉપયોગ કરતી હોવાનું જણાવે છે.

ઓનબોર્ડિંગની સુવિધા

ઓફ-બીટ

અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે સર્વેક્ષણમાં સામેલ 88% લોકોને ખાતું ખોલાવવાની પ્રક્રિયા અનુકૂળ લાગે છે.

મહત્વાકાંક્ષી સંઘર્ષકર્તાઓ : બિનજરૂરી શાખા મુલાકાતો, લાંબી પ્રક્રિયાઓ અને વધુ પડતા દસ્તાવેજોને કારણે ઓનબોર્ડિંગની સુવિધા 68% જેટલી ઓછી નોંધાઈ છે.

ઉભરતા વ્યાવસાયિકો : ઓનબોર્ડિંગમાં 89% જેટલી ઉચ્ચ સુવિધા અનુભવે છે, જો કે લગભગ અડધા લોકોએ પાછલા વર્ષમાં પ્રોડક્ટ્સ બદલ્યા છે.

આધેડ વયના ઉદ્યોગસાહસિકો : 91% ઓનબોર્ડિંગ સુવિધા હોવાનું જણાવે છે, છતાં 54% લોકોએ છેલ્લા એક વર્ષમાં સેવિંગ્સ એકાઉન્ટ બદલ્યા છે.

સમૃદ્ધ શહેરીજનો : માત્ર 49% લોકો જ શાખાની મુલાકાત લીધા વિના ડિજિટલી ખાતું ખોલાવી શક્યા હતા.

અન્ય વર્ગો : તેનાથી વિપરીત, ગ્રામીણ વિસ્તારના 84% ગ્રાહકોને ડિજિટલ ખાતું ખોલાવવાની પ્રક્રિયા અનુકૂળ લાગી, જ્યારે સુવર્ણ પરિવર્તનશીલ લોકોમાં 93% અને મહિલાઓમાં 94% લોકોને ખાતું ખોલાવવું સરળ લાગ્યું.

મોબાઈલ બેંકિંગ સંતોષ

આ માપદંડ દર્શાવે છે કે બેંકો પાસે વધુ ભાવનાત્મક બુદ્ધિમત્તા (ઇમોશનલ ઇન્ટેલિજન્સ) સાથે કન્વર્સેશનલ AI (વાતચીત કરતું AI) સુધારવાની તક છે. EY ના અહેવાલ મુજબ, મોબાઈલ એપ્લિકેશનનો વ્યાપક ઉપયોગ હોવા છતાં ચેટબોટ્સ હજી પણ ઓછા ઉપયોગમાં લેવાય છે અને તેમના પર ઓછો ભરોસો રાખવામાં આવે છે.

મહત્વાકાંક્ષી સંઘર્ષકર્તાઓ અને ઉભરતા વ્યાવસાયિકો : 74% લોકો મોબાઈલ બેંકિંગના અનુભવને ઉત્કૃષ્ટ અથવા સારો ગણાવે છે.

આધેડ વયના ઉદ્યોગસાહસિકો : 75% સંતોષ વ્યક્ત કરે છે.

સમૃદ્ધ શહેરીજનો : આ યાદીમાં 79% સાથે સૌથી આગળ છે.

સુવર્ણ પરિવર્તનશીલ અને ગ્રામીણ મુખ્ય વર્ગ : લગભગ ત્રીજા ભાગના લોકો વારંવાર મોબાઈલ બેંકિંગનો ઉપયોગ કરે છે, જ્યારે મહિલાઓમાં આ પ્રમાણ 54% છે.

પર્સનલાઇઝેશન ટ્રેન્ડ્સ

તમામ વર્ગોમાં અહેવાલમાં જાણવા મળ્યું છે કે મોટાભાગના ગ્રાહકોને લાગે છે કે બેંકો તેમની નાણાકીય જરૂરિયાતોને સમજે છે.

ઉભરતા વ્યાવસાયિકો અને ઉદ્યોગસાહસિકો : અનુક્રમે 74% અને 79% લોકો સહમત થયા કે તેમની બેંકો તેમની જીવનશૈલી અને ખર્ચની આદતોને અનુરૂપ પ્રોડક્ટ્સ ઓફર કરે છે.

જીવનના તબક્કા : 76% ઉદ્યોગસાહસિકો અને સમૃદ્ધ ગ્રાહકો અનુભવે છે કે જીવનના વિવિધ તબક્કે તેમની જરૂરિયાતો સમજવામાં આવે છે. પાંચમાંથી ચાર સુવર્ણ પરિવર્તનશીલ વ્યક્તિઓ અનુભવે છે કે તેમની બેંક વ્યક્તિગત સેવાઓ પૂરી પાડે છે.

મહિલાઓ : જો કે, 45% મહિલાઓ ઓફર્સના બહેતર સમયની માંગ કરે છે, જે લાઇફસાયકલ-સેન્સિટિવ પર્સનલાઇઝેશનની જરૂરિયાત દર્શાવે છે.

AIનો સ્વીકાર

અહેવાલમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે AI-આધારિત પર્સનલાઇઝેશન લોકપ્રિયતા મેળવી રહ્યું છે.

ઉભરતા વ્યાવસાયિકો અને ઉદ્યોગસાહસિકો : અનુક્રમે 49% અને 51% લોકો સ્માર્ટ ડિજિટલ સાધનો જેવા કે AI-આધારિત નાણાકીય સલાહ, ઓટોમેટેડ બચત અને બજેટિંગ સપોર્ટને પ્રાથમિકતા આપે છે.

મહિલાઓ : 73% મહિલાઓ બેંકિંગ પ્રશ્નોના ઉકેલ માટે AI-આધારિત આસિસ્ટન્ટ્સ સાથે વાતચીત કરવામાં કમ્ફર્ટેબલ છે.

ગ્રામીણ અને સુવર્ણ પરિવર્તનશીલ : ગ્રામીણ ગ્રાહકો AI પ્રત્યે સાવચેતીપૂર્વક ખુલ્લા મન ધરાવે છે, જ્યારે અડધા ભાગના સુવર્ણ પરિવર્તનશીલ ગ્રાહકો AI ને બદલે વાસ્તવિક વ્યક્તિ (માનવી) સાથે વાત કરવાનું પસંદ કરે છે.

શેરબજારની પેટર્ન બદલાઇ, નિફ્ટીના બદલે મિડ-સ્મોલકેપ શેરોની પક્કડ મજબૂત થઇ

ભારતીય શેરબજારની પેટર્ન બદલાઇ રહી છે, જેમાં મુળભૂત પરિવર્તન જોવા મળી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલના કારણે વિદેશી રોકાણકારોની સતત વેચવાલી જોવા મળી રહી છે. એપ્રિલમાં એનએસઇ પર નિફ્ટી પરના 50 કંપનીઓના શેર 16 મહિનાની નીચલી સપાટીએ 42.2 ટકા પર આવી ગયા છે. આ પરિસ્થિતિની વચ્ચે મિડકેપ અને સ્મોલકેપ શેરોએ મજબૂત પક્કડ રાખી છે.

લાંબા સમયથી બજારની દિશા નક્કી કરતા લાર્જકેપ શેરોનું વર્ચસ્વ હવે પહેલા જેટલું મજબૂત દેખાતું નથી. એપ્રિલમાં, નેશનલ સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઇઝેશનમાં નિફ્ટીની 50 કંપનીઓનો હિસ્સો ઘટીને 42.2 ટકા થઇ ગયો છે, જે છેલ્લા 16 મહિનામાં સૌથી નીચો સ્તર માનવામાં આવે છે. આ પહેલા, આ હિસ્સો સતત પાંચ મહિના સુધી 43.6 ટકાથી 44.1 ટકાની રેન્જમાં રહ્યો હતો. જો જૂના ડેટા સાથે સરખામણી કરવામાં આવે તો, આ ઘટાડો વધુ મોટો દેખાય છે, કારણ કે નાણાકીય વર્ષ 2014માં, નિફ્ટીની 50 કંપનીઓનો માર્કેટ કેપિટલાઇઝેશનમાં હિસ્સો લગભગ 62.3 ટકા હતો. આમ, 20 ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. બજારના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચવાલી, મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવ, ક્રૂડ ઓઇલના ભાવ પર દબાણ, રૂપિયામાં નબળાઇ અને આર્થિક વૃદ્ધિ અને ફુગાવા અંગે વધતી ચિંતાઓએ હેવીવેઇટ શેરો પર દબાણ બનાવ્યું છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ માર્કેટ પલ્સ રિપોર્ટ મુજબ, એપ્રિલમાં નિફ્ટી મિડકેપ 150 ઇન્ડેક્સે 21.1 ટકા બજાર હિસ્સો રાખ્યો હતો, જે નિફ્ટી પછી બીજા ક્રમનો સૌથી વધુ હિસ્સો હતો. ત્યારબાદ નિફ્ટી નેક્સ્ટ 50 ઇન્ડેક્સે 15.8 ટકા હિસ્સો રાખ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ 250 ઇન્ડેક્સે 10.3 ટકા હિસ્સો રાખ્યો હતો. આ વલણ સ્પષ્ટપણે દર્શાવે છે કે રોકાણકારો હવે પોતાને મોટા શેરો સુધી મર્યાદિત રાખતા નથી, પરંતુ વધુ સારા વળતરની આશામાં મિડકેપ અને સ્મોલકેપ કંપનીઓમાં પણ તકો શોધી રહ્યા છે.

લાર્જકેપ શેરોનું વર્ચસ્વ તુટ્યું, વિદેશી રોકાણકારોની વેચવાલીની સૌથી મોટી અસર રહીઃ એનએસઇ માર્કેટ કેપમાં નિફ્ટી 50 શેરોનો હિસ્સો ઘટીને 42.2 ટકાનો થઇ ગયો

2026ના પહેલા ચાર મહિનામાં, એનએસઇ પર લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઇઝેશનમાં 2 ટકાથી વધુનો ઘટાડો થયો. આ ઘટાડામાં સૌથી મોટો ફાળો નિફ્ટી કંપનીઓના માર્કેટ કેપમાં લગભગ 6 ટકાનો ઘટાડો હતો. જોકે, રાહતની વાત એ હતી કે અન્ય સેગમેન્ટ્સે બજારને અમુક અંશે ટેકો આપ્યો. જ્યારે બ્રોડર માર્કેટ તરફ નજર કરીએ તો નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સની 150 કંપનીઓના માર્કેટ કેપમાં લગભગ 7 ટકાનો વધારો થયો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ 250 કંપનીઓમાં 8.1 ટકાનો વધારો થયો. આ જ સમયગાળા દરમિયાન, નિફ્ટી માઇક્રોકેપ 250 કંપનીઓમાં 9.2 ટકાનો મજબૂત વધારો જોવા મળ્યો.

કરન્ટ-ટોપિક

છેલ્લા પાંચ વર્ષના પ્રદર્શન પર નજર કરીએ તો ચિત્ર વધુ રસપ્રદ બને છે. નિફ્ટી નો ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર આશરે 10.4 ટકા છે, જ્યારે નિફ્ટી મિડકેપ માં આશરે 19.2 ટકા અને નિફ્ટી સ્મોલકેપમાં 18.1 ટકાનો વધારો થયો છે.